# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૭૩ તા.૧૭-૩-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- જન.પ્રો.ફંડની કપાત બાબત.**

**સંદર્ભ :- ગુજરાત રાજ્ય શિક્ષણ અને મંજૂર વિભાગ સ્કૂલ બોર્ડ, સ્ટાફ માટે જન. પ્રો. ફંડની યોજના નિયમ ૧૨ થી ૧૫ તથા અમ.મ્યુનિ.કોર્પો. નાણાંખાતાના સરક્યુલર નં.૯ તા.૧૫-૭-૨૦૦૪**

આથી તમામ મ્યુનિ. પ્રા.શાળાઓનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે આવે છે કે જનરલ પ્રો.ફંડની ઉપરોકત જણાવેલ વિષય અને સંદર્ભ અન્વયે નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧ જનરલ પ્રો.ફંડની કપાત બેઝીક પગાર તથા મોંઘવારીના ૫૦% (ડી.એ.પી.)ના ૧૦% પ્રમાણે ગણી ત્યારપછીનાં દસકામાં કપાત કરવાની રહેશે.

દા.ત. બેઝિક પગાર ૭૪૨૫/- હોય તો ઓછામાં ઓછી દસ ટકા પ્રમાણે રકમ રૂા. ૭૪૨-૫૦ થાય પરંતુ કપાત **ત્યાર પછીના દસકામાં** રૂા.૭૫૦/- દર માસે કરવી.

૨ **જનરલ પ્રો.ફંડ સ્વેચ્છાએ વધુ કપાત કરવા માંગતા હોય તેવા કર્મચારીઓએ લેખીત મંજૂરી ફેબ્રુઆરી માસમાં મેળવી માર્ચ પેઈડ ઈન એપ્રિલ માસમાં વર્ષમાં એક જ વખત ફેરફાર કરી શકાશે.**

૩ **જનરલ પ્રો.ફંડ** કોઈપણ સંજોગોમાં ચલનથી **રોકડમાં ભરી શકાશે નહીં.**

૪ કર્મચારીઓના પગારમાંથી અન્ય રકમ બાદ કરતા **પગાર ઓછો નીકળતો હોય તેવા સંજોગોમાં જનરલ પ્રો.ફંડની કપાત ફરજીયાત ધોરણે સૌ પ્રથમ કરવી.**

૫ કર્મચારી નિવૃત્ત થતો હોય ત્યારે **નિવૃત્તિની તારીખ** (પુનઃનિયુકતી સિવાય)થી **ત્રણ માસ પહેલા ફરજીયાત ધોરણે જનરલ પ્રો.ફંડન કપાત બંધ કરવી** અને કર્મચારીની લેખીત અરજી હોય તો નિવૃત્તિના ૬ માસ પહેલા જી.પી.ફંડકપાત બંધ કરાવી શકાશે.

૬ મ્યુનિ. પ્રા. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે આપની શાળામાં અરસપરસ જિલ્લા ફેરબદલીથી આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ સી.પી.એફ.ની કપાત થતી હોય તે કર્મચારીની નીચે મુજબની વિગત પ્રમાણે પત્રક ભરી જી.પી.એફ. વિભાગ, મુખ્ય ઓફિસ, એલિસબ્રીજ-શાળા નં.૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ, નવરંગપુરા ખાતે મોકલી આપવાના રહેશે.

નમુના પત્રક

| ક્રમ | ડિપાર્ટમેન્ટ નંબર | એમ્પ્લોઈ નંબર | કર્મચારીનું નામ | શાળા | જિલ્લાનો ૧૫ આંકડાનો સી.પી.એફ. નંબર |
|---|---|---|---|---|---|
| | | | | | |

મુખ્ય શિક્ષકના સહી / સિક્કા

તા.૧૭-૩-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૭૪ તા.૧૭-૩-૧૫**

ફક્ત મ્યુનિ શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આપની શાળામાં વર્ષઃ ૨૦૧૪-૧૫ માટે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય પેટે એડવાન્સ પેમેન્ટ વાઉચર નંબર ૫૦ થી ૫૩ તા. ૧૧/૦૬/૨૦૧૪થી ચૂકવવામાં આવેલ છે. તે પૈકી જે શાળા પાસે ઉપરોક્ત નંબર તથા યોજના પૈકી નાંણા વધે છે તેવી શાળાઓએ જે શાળામાં નાંણા ખૂટે છે તેને નાંણા ટ્રાન્સફર આપવા અંગેના હૂકમો તૈયાર કરી આપની શાળામાં મોકલી આપવામાં આવે છે. તો ખૂટતી રકમ વાળી શાળાઓને જે તે શાળા પાસેથી નાંણા મેળવી લાભાર્થી વિદ્યાર્થીઓને તાકીદે ચૂકવી આપી ઉપરોક્ત જણાવેલ જાતિ તથા વાઉચર નંબરનો હિસાબ પુરો કરી દેશો.

આ સાથે આપને આપની શાળાના વર્ષ ૨૦૧૪-૧૫ના મંજૂર થયેલ અનુસુચિત જાતિના દરખાસ્ત પત્રકો તેમજ નાંણા ટ્રાન્સફર હૂકમો મોકલી આપવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને તેમના બેંક ખાતામાં નાંણા જમા આપશો. વિદ્યાર્થીઓને નાંણા બેંક ખાતામાં ચૂકવો પરંતુ પહોંચ પત્રક (૩ નકલ)માં વાલી તથા વિદ્યાર્થીઓની સહી અવશ્ય લેશો. જે વિદ્યાર્થીઓનું બેંક ખાતુ ન હોય તેવા વિદ્યાર્થીઓનું બેંક ખાતુ તાકીદે ખોલાવવા કાર્યવાહી કરશો.

વધુમાં જણાવવાનું કે જે શાળાઓમાં નાંણા ટ્રાન્સફર હૂકમ મુજબ રકમ અન્ય શાળા પાસેથી મેળવ્યા છતાં પણ નાંણા ખૂટે છે તેવી શાળાઓને સમાજ કલ્યાણ કચેરી દ્વારા બાકી રકમનો ચેક મળ્યેથી નવા વાઉચર નંબરથી ખૂટતી રકમ ચૂકવી આપવામાં આવશે. જે નવા વાઉચરથી આપને ખૂટતા નાંણા મળે તે વાઉચર નંબર તેમજ તારીખ મંજૂર થયેલ દરખાસ્ત પાછળ લાલ પેનથી લખી રાખશો.

તા.૧૭-૩-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં.૧૭૫ તા.૧૭-૩-૧૫**

ફક્ત મ્યુનિ શાળાઓ માટે જ :-

વિષય :- વાલી સંમેલનનું આયોજન કરવા બાબત

સંદર્ભ :-SSA/એમ.એન્ડ ડી./૨૦૧૫/ ૮૨૫૧-૯૧ તા. ૧૨-૩-૧૫

આથી તમામ મ્યુ.શાળાઓનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા. ૨૦-૩-૨૦૧૫ના રોજ શાળા કક્ષાએ એક વાલી સંમેલનનું આયોજન કરવું. જેમાં પરિપત્ર નં.૧૨૮ તા. ૬-૧-૧૫ના પ્રમાણેના એજન્ડા મુજબની કામગીરી તથા સમય પણ તે પરિપત્ર પ્રમાણેનો રહેશે.ઉપરોક્ત વાલીસંમેલનની કામગીરી કરવા માટે શાળાદીઠ ૧૦૦/- રૂપિયાની ગ્રાન્ટ તથા ડોક્યુમેન્ટેશનની કામગીરી કરવા માટે ( ફોટોગ્રાફી અહેવાલ વિડીઓગ્રાફી) વગેરે માટે શાળાદીઠ રૂા.૨૦૯/-એમ કુલ શાળાદીઠ રૂા.૩૦૯/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવશે. તે મુજબની કામગીરી કરી શાળા કક્ષાએથી ડોક્યુમેન્ટેશન દિન-૭માં સી.આર.સી. કક્ષાએ તથા સી.આર.સી. કક્ષાએથી યુ.આર.સી. કક્ષાએ જમા કરાવવાનું રહેશે. અને યુ.આર.સી. કક્ષાએથી એસ.એસ.એ ઓફિસમાં જમા કરાવવાનું રહેશે. આ વાલીસંમેલનમાં વાલીઓને તેમના બાળકોની એપ્રિલ-૧૫માં થનાર દ્વિતીય સત્રાંત પરીક્ષાની માહિતી આપવી અને પરીક્ષા માટે પોતાના બાળકોને પૂર્વ તૈયારી કરાવવા તેમજ પરીક્ષામાં નિયમિત શાળામાં મોકલવા જણાવવું.

તા.૧૭-૩-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી